**1Special Atro Case No 06/2019**

**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૬/૨૦૧૯**
**આંક –53**

| | | |
|---|---|---|
| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૦૬/૨૦૧૯ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 07 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | કાંતીભાઈ રૂપાભાઈ પરમાર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9723527324 |
| ઉંમર આશરે | પર | વરસની | ધંધો | હીરા ઘસવાનું |
| રહેવાનુ | કુચાવાડા તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) મારે સંતાનમાં ત્રણ દિકરા છે. જેમાં સૌથી મોટાનું નામ રાજેશ તેનાથી નાના મેહુલ તેનાથી નાનો પરબત છે. મારા ઘરની બાજુમાં મારા કુટુંબી બાબુભાઈ મોહનભાઈ પરમારનો વાડો આવેલ છે અને તે વાડામાં પાણીનું ટાંકુ બનાવેલુ છે અને તે વાડામાં મકાન બનાવવા માટે બાબુભાઈએ નાંખેલા હતા. હું બાબુભાઈના વાડાની બાજુમાં રહુ છું. આ વાડામાં ઘણા બધા માણસો આવેલા હતા. તે પૈકી નારણભાઈ, બાબુભાઈ, સુરેશભાઈ, ટીકાભાઈ આ સિવાય ઘણા બધા માણસો હતા પણ તેઓના નામ મને આવડતા નથી. આ લોકોએ વાડાની આજુબાજુ વાડ ફેદી નાંખેલી અને થાંભલા કાઢીને તોડી નાંખેલા. આ લોકોના હાથમાં લાકડી તથા કુહાડી હતી તે સમયે થોડીવાર પછી બાબુભાઈ સ્થળ પર આવી ગયેલા. બાબુભાઈ આવ્યા ત્યારે તેમના પત્ની તથા મથુરભાઈ આવી ગયેલા. આ લોકો વચ્ચે સામસામી બોલાચાલી થયેલી. તેમાં જે માણસો આવેલા હતા તેઓએ બાબુભાઈને ઢેઢા કોડા જેવા જાતી અપમાનીત શબ્દો બોલેલા અને વાડો છોડી અહીથી જતા રહેવા જણાવેલું. આ બાબુભાઈએ છેલ્લા ૨૫–૩૦ વર્ષ પહેલાથી આ વાડો બનાવેલો હતો. બનાવ આશરે પાંચ થી છ વાગ્યાના સુમારે બનેલો. કુહાડી અમીચંદના દિકરા દિનેશભાઈના હાથમાં હતી અને બીજાઓના હાથમાં લાકડીઓ હતી. પોલીસે

સાહેદની સહી............................

મારો જવાબ લીધેલો. આરોપીઓને હું ઓળખુ છુ તે પૈકી અમીચંદભાઈ ,નારણભાઈ, બાબુભાઈ આ ત્રણ આરોપીઓને ઓળખુ છુ અને બાકીના આરોપીઓ તેઓ બનાવ સ્થળે હાજર હતા. જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.બી.એલ.પ્રજાપતિ..</u>**

(૨) બાબુભાઈ મારા કાકાનો છોકરો થાય છે. શારદાબેન મારા ભાભી થાય છે. મથુરભાઈ વાસમાં મારા કાકાના છોકરા થાય છે. મંજુબેન મારા મોટાભાઈના પત્ની થાય છે. એ વાત ખરી છે કે વાડો છે ત્યાં સરકારી ગૌચર આવેલુ છે. એ વાત ખરી છે કે સરકારી ગૌચર હોવાથી પંચાયતની આકારણી આપેલી છે. બનાવ વખતે હું મારા ઘરે હાજર હતો. એ વાત ખરી છે કે હું બનાવ સ્થળ પર હાજર ન હતો. એ વાત ખરી છે કે બનાવ વખતે મોટુ ટોળુ હતું . એ વાત ખરી છે કે બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ ઠામ અને ઉંમર પુછેલી તે સિવાય મે કંઈ લખાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ મારા ગામના હોય જેથી હું ઓળખુ છું.

**ઉલટતપાસ પુરી.**
**વિશેષ ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| <br><br>મુ. ડીસા<br>તા. ૦૯/૦૩/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>એટ્રો.સ્પેશ્યલ જજ, ડીસા |

સાહેદની સહી............................